Extra No. 280

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **WEDNESDAY, AUGUST 6, 2025 / SRAVANA 15, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વંચાણે લીધાં :

(૧) કા.ઈ શ્રી માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ), જિ.અરવલ્લી નો પત્રકમાંક જા.નં/પીબી/૨૨૦૭/સને-૨૦૨૫, તા.૧૫/૦૭/૨૫

(૨) ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ ની કલમ ૩૩(૧)(ખ)

(૩) મોટર વેહિકલ એક્ટ-૧૯૮૮

-:જાહેરનામું:-

ગુજરાત પોલીસ અધિનિયમ ની કલમ ૩૩ (૧) (ખ) હેઠળ

નં/ડીસી/પીઓએલ./ટ્રાફિક/જાહેરનામું/૩૩(૧)(ખ)/વશી/૫૫૬/૨૦૨૫.-અરવલ્લી જિલ્લાના બાયડ-દહેગામ રસ્તા ઉપર ડાભા ગામ પાસે વાત્રક નદીના પુલ પર વિગતે ઈન્સપેક્શન કરવાનું આયોજન કરેલ છે. જેથી હાલ પૂરતા દિન-૧૫ માટે સદર પૂલ ઉપર વન-વે ટ્રાફિક ચાલુ રાખવા માટે એટલે કે બંન્ને બાજુએથી વારાફરતી ટ્રાફિક જવા દેવું જરૂરી છે. ઉપરોક્ત વન-વે ટ્રાફિકનું મેનેજમેન્ટ કરવા માટે બંન્ને બાજુ માર્ગ અને મકાન વિભાગ તરફથી ટ્રાફિક માર્શલ રાખવામાં આવશે. જે એક બાજુએથી ટ્રાફિક જવા દેશે તે વખતે બીજી બાજુના ટ્રાફિક માર્શલ એ બાજુનો ટ્રાફિક રોકી રાખશે. ત્યારબાદ બીજી બાજુએથી ટ્રાફિક જવા દેવામાં આવશે તે વખતે સામેની બાજુનો ટ્રાફિક રોકવામાં આવશે. અને આ રીતે ટ્રાફિકનું નિયમન કરવાનું આયોજન કરેલ છે.

આથી હું પ્રશસ્તિ પારીક, આઈ.એ.એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, અરવલ્લી ગુજરાત પોલીસ અધિનિયમ ની કલમ ૩૩ (૧) (ખ) હેઠળ મળેલ સત્તાની રુએ બાયડ-દહેગામ રસ્તા ઉપર ડાભા ગામ પાસે વાત્રક નદીના પુલ પરનો રસ્તો વન-વે કરવા માટે ફરમાવુ છું.

સદર જાહેરનામાની મુદત પ્રસિધ્ધ થયેથી ૧૫ દિવસની રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા કરાવનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૧૩૧ હેઠળ તેમજ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અરવલ્લી જિલ્લામાં ફરજ બજાવતા ક્ષેત્રાધિકાર ધરાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના સક્ષમ સત્તાધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ - ૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ - ૧૩૧ મુજબ ફરિયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

પ્રશસ્તિ પારીક
જિલ્લા મેજિસ્ટ્રેટ
અરવલ્લી-મોડાસા

વંચાણે લીધાં :

(૧) કા.ઈ શ્રી માર્ગ અને મકાન વિભાગ (પંચાયત), જિ.અરવલ્લી નો પત્રકમાંક જા.નં/એ.ડી.પી/વશી/૧૯૩૫/સને-૨૦૨૫

(૨) ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ ની કલમ ૩૩(૧)(ખ)

(૩) મોટર વેહિકલ એક્ટ-૧૯૮૮

-:જાહેરનામું:-

ગુજરાત પોલીસ અધિનિયમ ની કલમ ૩૩ (૧) (ખ) હેઠળ

નં/ડીસી/પીઓએલ./ટ્રાફિક/જાહેરનામું/૩૩(૧)(ખ)/વશી/ ૫૫૫/૨૦૨૫.-અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના ધોબીઘાટથી સબલપુર પોલિસ સ્ટેશન તરફ જતો રસ્તો ગ્રામ્યમાર્ગ કી.મી. ૦/૦ થી ૦/૫૦૦ હયાત ડામર સપાટીનો ગ્રામ્યકક્ષાનો ૩.૭૫ મીટર પહોળાઈનો રસ્તો છે. સદર રસ્તાના ચેઈનેઝ ૦/૦૮૦ ઉપર આવેલ માઈનોર પુલ(સ્લેબ ડ્રેઈન) જર્જરિત થયેલ હોઈ સદર રસ્તો તાત્કાલિક બંધ કરવાનો થાય છે. તેમજ સદર રસ્તો બંધ કરી સદર રસ્તાનો ટ્રાફિક સબલપુર એપ્રોચ રોડ પર ડાયવર્ટ કરવાનો થાય છે. સદર રસ્તા પર ટ્રાફિક તેમજ વાહનોની અવરજવર જોતાં હાલ સલામતીને ધ્યાને લઈ તેમજ વર્તમાનમાં ચોમાસાની ઋતુ હોઈ અગમચેતીના પગલાંના ભાગરૂપે આ જર્જરિત રસ્તો હાલમાં બંધ કરવો ઉચિત જણાય છે.

આથી હું પ્રશસ્તિ પારીક, આઈ.એ.એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, અરવલ્લી ગુજરાત પોલીસ અધિનિયમ ની કલમ ૩૩ (૧) (ખ) હેઠળ મળેલ સત્તાની રુએ મોડાસા તાલુકાના ધોબીઘાટથી સબલપુર પોલિસ સ્ટેશન તરફ જતો રસ્તો વાહનવ્યવહાર માટે બંધ કરી તે માર્ગનો વાહનવ્યવહાર સબલપુર એપ્રોચ રોડ પર ડાયવર્ટ કરવા ફરમાવુ છું.

સદર જાહેરનામાની મુદત પ્રસિધ્ધ થયા તારીખથી ૨ માસની રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા કરાવનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ - ૧૩૧ હેઠળ તેમજ ભારતીય ન્યાય સંહિતાની કલમ - ૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અરવલ્લી જિલ્લામાં ફરજ બજાવતા ક્ષેત્રાધિકાર ધરાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના સક્ષમ સત્તાધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ - ૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૧૩૧ મુજબ ફરિયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

પ્રશસ્તિ પારીક
જિલ્લા મેજિસ્ટ્રેટ
અરવલ્લી-મોડાસા

Signature Not Verified
Signed by:MAHENDRA DHARKAR
Date: 2025.08.29 18:55:56 +05:30
Reason: Validate Document
Location: Government Press & Stationery, Vadodara